રાજ્યના આરોપી/કેદીઓને ઇ-મુલાકાતની
સુવિધા આપવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃજલક/૧૭૨૦૦૮/૪૨૨૫/ જ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૦૯/૧૨/૨૦૨૧

વંચાણે લીધાઃ

(૧) ગૃહ વિભાગના તા.૧૫/૧૦/૧૯૭૩ના જાહેરનામાક્રમાંકઃજી/જી/૭૩-૨૪૮/જીજેએમ-૪૦૭૧-૨૨૩૧-જ
(૨) ગૃહ વિભાગના તા.૨૯/૦૫/૧૯૮૫ના જાહેરનામા ક્રમાંકઃજીજી/૧૫૭/એસ.બી.આઇ/પી.એસ.એ./ ૧૦૮૪ /૨૯૫૦
(૩) ગૃહ વિભાગના તા.૩૦/૩/૨૦૦૧ના જાહેરનામા ક્રમાંકઃજીજી/૩૩/૨૦૦૧/જએલક/૧૦૯૯/
(૪) ગૃહ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃજલક/૧૧૨૦૧૫/૪૦૨૨/જ
(૫) ગૃહ વિભાગનો તા.૦૧/૧૨/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃજલક/૧૭૨૦૧૮/GOI-૧૯/જ
(૬) ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૭/૦૧/૨૦૧૪નો ઠરાવ
(૭) ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૨૫/૦૮/૨૦૨૧નો ઠરાવ
(૮) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીનો તા.૨૫/૦૮/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃખાસ-૧/૯૭૦/૨૦૨૧
(૯) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીનો તા.૦૩/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃખાસ- ૧/૧૦૧૩/૨૦૨૧ અને
(૧૦) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીનો તા.૦૯/૦૯/૨૦૨૧નો પત્ર ક્રમાંકઃ ખાસ-૧/૧૦૫૩/૨૦૨૧

પ્રસ્તાવના:

ગૃહ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ (૧) સામેના તા.૧૫/૧૦/૧૯૭૩ના જાહેરનામાથી પ્રિઝન એક્ટ-૧૮૯૪ હેઠળ Gujarat Prisons (Facilities of interviews, communications etc.) to Prisoners Rules, 1973 તૈયાર કરવામાં આવેલ છે. જેના નિયમ-૪ (૧) મુજબ રાજ્યની જેલોમાં રહેલ આરોપીઓને સંબંધીઓ, મિત્રો અને લીગલ એડવાઇઝર સાથે વ્યાજબી મુલાકાત આપવાની જોગવાઇ છે તથા નિયમ-૫ અને ગૃહ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૩) સામેના તા.૩૦/૦૩/૨૦૦૧ના જાહેરનામાથી પાકા કામના કેદીઓને મુલાકાત આપવાની જોગવાઇ છે. ગૃહ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨) સામેના તા.૨૯/૦૫/૧૯૮૫ના જાહેરનામાના નિયમ-૧૩ મુજબ પાસા અટકાયતીઓને કુટુંબી સભ્યો અને સંબંધીઓ સાથે મુલાકાત આપવા અંગેની જોગવાઇ છે.

રાજ્યની જેલમાં રહેલ કેદીઓ તેમના પરિવાર સાથે વિડીયો કોન્ફરસીંગ મારફત મુલાકાત કરી શકે તે માટે ગૃહ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ (૪) સામેના તા.૦૭/૦૪/૨૦૧૬ના ઠરાવથી જીવન સીસ્ટમ (જેલ ઇન્મેટસ વિઝીટર્સ એપ્લીકેશન નેટવર્ક)ને મંજૂરી આપવામાં આવેલ છે. ગૃહ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ (૫) સામેના તા.૦૧/૧૨/૨૦૧૮ના પત્રથી ભારત સરકાર દ્વારા વિકસાવવામાં આવેલ ઇ-પ્રિઝનનો સ્વીકાર કરવામાં આવેલ છે, જે અંતર્ગત રાજ્યની જેલોમાં રહેલ આરોપી/કેદીઓને ઇ-પ્રિઝન મારફત પણ ઇ-મુલાકાત ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

રાજ્યની જેલમાં રહેલ કેદીઓને ગૃહ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ (૬) સામેના તા.૦૭/૦૧/૨૦૧૪ના ઠરાવની શરતોને આધીન ટેલિફોન બૂથની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે, સદર ઠરાવની શરત નં (૧૧) અને (૧૨)માં દર્શાવેલ કેદીઓને ટેલિફોનિક બૂથની સુવિધામાંથી બાકાત રાખવામાં આવેલ, પરંતુ ગૃહ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ (૭) સામેના તા.૨૫/૦૮/૨૦૨૧ના ઠરાવથી વંચાણે લીધેલ ક્રમ (૬)

સામેના તા.૦૭/૦૧/૨૦૧૪ના ઠરાવની શરત નં. (૧૧) અને (૧૨) રદ કરવામાં આવેલ છે. આથી, કેદીઓને સમાન ધોરણે ટેલિફોન સુવિધા મળવાપાત્ર થાય છે.

જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીએ વંચાણે લીધેલ ક્રમ (૮) સામેના તા.૨૫/૦૮/૨૦૨૧ના પત્રથી જણાવ્યા મુજબ રાજ્યની અમદાવાદ તથા વડોદરા મધ્યસ્થ જેલ ખાતે જીવન સીસ્ટમ મારફત તથા કોરોના વાયરસ મહામારી સમયે આરોપી/કેદીઓને ઇ-પ્રિઝન મારફત ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૨૦૧૪ના ઠરાવથી ટેલીફોન માટે નક્કી કરવામાં આવેલ શરતો મુજબ ઇ-મુલાકાત આપવામાં આવી રહેલ હોઇ અને રાજ્યની જેલોમાં રહેલ આરોપી/કેદીઓને ટેલિફોન સુવિધા આપવા બાબતેના વિભાગના તા.૦૭/૦૧/૨૦૧૪ના ઠરાવની મૂળ શરત નં.૧૧ અને ૧૨ વિભાગના તા.૨૫/૦૮/૨૦૨૧ના ઠરાવથી રદ કરવામાં આવેલ હોઇ, ઇ-મુલાકાત પણ વિભાગના તા.૨૫/૦૮/૨૦૨૧ ના જેલમાં રહેલ તમામ આરોપી/કેદીઓને ટેલીફોન સુવિધા આપવાના ઠરાવને ધ્યાનમાં રાખી આપવામાં આવે છે. જેને અનુમોદન આપવા અને વંચાણે લીધેલ ક્રમ (૯) સામેના તા.૦૩/૦૯/૨૦૨૧ના પત્રથી ઇ-મુલાકાત આપવા બાબતેની SOP (Standard Operating Procedure)ને મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે તેમજ વંચાણે લીધેલ ક્રમ (૧૦) સામેના તા.૦૯/૦૯/૨૦૨૧ના પત્રથી રૂબરૂ મુલાકાત અને ઇ-મુલાકાત દરમિયાન સમાન રહેનાર જોગવાઇઓની વિગતો મોકલી આપેલ છે.

આમ, જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી દ્વારા રાજ્યની જેલના આરોપી/કેદીઓને ઇ-મુલાકાત/રૂબરૂ મુલાકાત આપવામાં આવે છે. પરંતુ ઇ-મુલાકાત અંગે રાજ્ય સરકાર દ્વારા ચોક્કસ કાર્યપદ્ધતિ નક્કી કરવામાં આવેલ નથી.

**ઠરાવ:**

પ્રસ્તુત બાબતમાં ઉપર વંચાણે લીધેલ ક્રમ (૧) થી (૭)ની જોગવાઇઓ અને ક્રમ (૮) થી (૧૦) મુજબની દરખાસ્ત અંગે કાળજીપૂર્વકની વિચારણા બાદ રાજ્યની જેલોમાં રહેલ તમામ આરોપી/કેદીઓને જીવન સીસ્ટમ અને ઇ-પ્રિઝન હેઠળ નીચેની શરતો (SOP)ને આધિન ઇ-મુલાકાત આપવાનું ઠરાવવામાં આવે છે. આ સંદર્ભમાં વંચાણે લીધેલ નિયમો અને ઠરાવોની અન્ય જોગવાઇઓ યથાવત રહેશે.

<u>ઇ-મુલાકાત અંગેની શરતો (SOP)</u>

(૧) ઇ-મુલાકાત પરથી વાતચીત કરવા માટેનો દરરોજનો નિર્ધારિત સમયગાળો સવારના ૧૦ થી ૧૨ અને બપોરના ૧૫.૦૦ થી ૧૭.૦૦ કલાકનો રહેશે, ઉપરાંત સંબંધિત અધિક્ષકશ્રી દ્વારા સમય બાબતે જેલ ઓપનીંગ (દિવસ) દરમિયાન નિર્ણય લઇ શકશે.

(૨) આરોપી/કેદીઓને જેમની સાથે મુલાકાત કરવા અંગેની જોગવાઇ હોય તેમની સાથે જ ઇ-મુલાકાત કરી શકશે. સરકારી કચેરીઓ કે પ્રાઇવેટ એજન્સીની વ્યકિતઓ સાથે વાતચીત કરી શકશે નહીં.

(૩) ઇ-મુલાકાતથી વાતચીત કરવાની મર્યાદા રૂબરૂ મુલાકાત સાથે જોડવાની રહેશે અને ઇ-મુલાકાતને રૂબરૂ મુલાકાતની અવેજીમાં ગણવાની રહેશે એટલે કે ઇ-મુલાકાત મળેલ હોય તો રૂબરૂ મુલાકાત આપવામાં આવશે નહિં અને રૂબરૂ મુલાકાત મળી હોય તો ઇ-મુલાકાત આપવાપાત્ર બનશે નહીં. ખાસ સંજોગોમાં અધિક્ષકશ્રી દ્વારા વિશેષ નોંધ કરી ખાસ મુલાકાત આપી શકશે.

(અ) ઇ-મુલાકાતથી વાતચીત કરવાની મહત્તમ અવધિ રૂબરુ મુલાકતની અવધિ પ્રમાણે રહેશે, આ નિયત અવધિ કરતાં વધુ વાતચીત કરવાની છૂટ આપી શકાશે નહીં. પરંતુ સ્પષ્ટ જોગવાઇ ન હોય

તો ઇ–મુલાકાતનો સમય ૨૦ મિનિટ રહેશે અને ખાસ સંજોગોમાં સંબંધિત અધિક્ષક મુલાકાતનો સમય ૧૦ મિનિટ વધારી શક્શે.

(બ) કાચા કામના આરોપી દર સપ્તાહે એક રૂબરૂ મુલાકાત અથવા એક ઇ–મુલાકાત કરી શક્શે.

(ક) પાકા કામના કેદીઓને પખવાડીયામાં બે વાર રૂબરૂ મુલાકાત અથવા બે વાર ઇ–મુલાકાત કરી શક્શે અથવા એક વાર રૂબરૂ મુલાકાત અને એકવાર ઇ–મુલાકાત કરી શક્શે.

(ડ) પાસા અટકાયતીઓને મહિનામાં બે વખત રૂબરૂ મુલાકાત અથવા બે વખત ઇ–મુલાકાત કરી શક્શે. અથવા એક વખત રૂબરૂ મુલાકાત અને એક વખત ઇ–મુલાકાત કરી શક્શે.

(૪) ઇ–મુલાકાતથી ભારત દેશ પૂરતી વાતચીત કરી શકાશે, ભારત દેશ બહાર વાતચીત થઇ શક્શે નહીં.

(૫) ઇ–મુલાકાતના ઇન્ચાર્જ તરીકે જેલર ગૃપ–૨ અથવા ગાર્ડીંગ સ્ટાફના કર્મચારીને રાખવાના રહેશે અને તેઓના ઓબ્ઝર્વેશન નીચે અને તેઓની હાજરીમાં જ કેદી વાતચીત કરી શક્શે, સંપૂર્ણ ચકાસણી બાદ કેદીને ઇ–મુલાકાત આપવાની રહેશે.

(૬) ઇ–મુલાકાત દ્વારા ઘટનાઓની માહિતીની આપ–લે, જેલ વહીવટ સુરક્ષા વિરૂધ્ધની, રાજ્ય કે દેશ વિરોધી ધમકી ભાષામાં કોઇપણ પ્રકારની ગુનાહિત વાતચીત કરી શક્શે નહીં. ઉપરાંત કોઇ વ્યક્તિ કે સમાજને નુકશાન થાય તે મુજબ વાતચીત કરી શક્શે નહીં અને આવી બાબત ધ્યાન પર આવે તો તુરત જ ડિસકનેક્ટ કરી વાતચીત અટકાવી, કસૂરદાર આરોપી/કેદી સામે જેલ મેન્યુઅલની જોગવાઇ અનુસાર જેલ શિક્ષાઓ કરવાની રહેશે.

(૭) ઇ–મુલાકાત મારફતે થતી તમામ વાતચીતનું રેકોર્ડીંગ કરવાનું રહેશે અને દરેક કોલની નોંધ રજીસ્ટરમાં કરવાની રહેશે, તેમજ કોમ્પ્યુટરમાં અલગ સોફ્ટવેરમાં તમામ કોલનો ડેટા રાખવાનો રહેશે.

(૮) તમામ વાતચીતનું રેકોર્ડીંગ ત્રણ માસ સુધી સ્ટૉરેજ કરવાનું રહેશે, સ્ટૉરેજ ક્ષમતા ઓછી હોય તો અલગથી હાર્ડડીસ્કમાં સ્ટૉરેજ કરવાનું રહેશે.

(૯) ઇ–મુલાકાત દ્વારા વાતચીત કરવા અંગેની સૂચના આપતું બોર્ડ કેદીઓની જાણકારી માટે રાખવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)(જેલ–સ્વ.હ.)ના અંગત સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- સર્વે અધિક્ષકશ્રી, તમામ મધ્યસ્થ જેલ/જિલ્લા જેલ/ખાસ જેલ/ઓપન જેલ/સબ જેલ (જે.ઇ.જ.શ્રી મારફત)
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- એકાઉન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર,
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેક્ટ ફાઇલ